श्री नटपुरस्थ श्री पुष्टिमार्गीय पुस्तकालयद्वारा
प्रकाशित ग्रंथमाला
ग्रन्थरत्न १२. ८

श्रीमद्वल्लभाचार्यजी विरचित

अन्तःकरणप्रबोधः

श्री गोकुलनाथजी महाराजकृत टीकानुसारेण.

अमरजित्तनुजनुषा शास्त्री छगनलाल शर्म्मणा
गुर्जरभाषया सङ्कलितः
शाह पीताम्बरदासात्मज त्रिभुवनदासगुप्तेन.

अमदावाद नगरे गुजरात प्रिन्टींगाख्ययन्त्रालये
मुद्रापयित्वा प्राकाश्यं नीतः

संवत् १९६८. वैक्रमाब्दाः शकाब्दा १८३४.
श्री वल्लभ[illegible]४३३.

न्योछावर रु. ०–१–०.

[illegible]

અમદાવાદ.

श्रीहरिः

પ્રસ્તાવના.

આપણા આચાર્ય શ્રીમહાપ્રભુજીએ આપણાપર કૃપા કરી બનાવેલા વિશ્વવિખ્યાત અને નમુનેદાર સોળ ગ્રન્થો માંહેનો આ એક "અંતઃકરણ પ્રબોધ" નામનો ગ્રન્થ છે કે એ ગ્રંથોનું ભાષાન્તર કરાવી પ્રસિદ્ધિમાં મૂકવાનો મારો વિચાર છેલ્લા બે એક વર્ષ પહેલાં ઉભો થયો હતો, ને આ વિચારની જોડે મને એવો પણ વિચાર ઉભો થયો કે આ ગ્રન્થોનું ગુજરાતી ભાષાન્તર કોઈ ભાડુતી ભાષાન્તર કર્તા પાસે નહિ કરાવતાં આપણા સંપ્રદાયના ચુનંદા લેખક તરીકે જાણીતા થયેલા વિદ્વાન્ પાસેજ કરાવવું, એવા દૃઢ સંકલ્પથી આ સંપ્રદાયના જાણીતા વે. શા. સં. શાસ્ત્રીજી છગનલાલ અમરજીને મારા દૃઢ સંકલ્પથી વિદિતાર્થ કર્યા, પણ તેઓ છેલ્લા બે એક વર્ષ થયાં પોરબંદરવાળા ગોસ્વામિ શ્રીજીવનલાલજી મહારાજના ઉદાર આશ્રય નીચે " શંકરજયંતી વ્યાખ્યાન માલાનું અવલોકન " વિગેરે ઉમદા ગ્રન્થો લખવામાં રોકાયેલા હતા, એટલે તુરતવેલા તો તેઓ મારી વિનતિ સ્વીકારવા અશક્ત નિવડ્યા.

આવાં એક નહિ પણ અનેક અણધારેલા કારણોથી તુરતમાં તો આ ગ્રન્થો બહાર પાડવા હું નિષ્ફળ નીવડયો,

સર્વ શક્તિમાન્ શ્રીકૃષ્ણ પરમાત્માની પૂર્ણ કૃપાથી હરીફોને હંફાવનારા સઘળા ગ્રંથો લખવાનું કામ ખલાસ થયા પછી ફરીને મારૂં કામ હાથ ધરવાની તેઓ શાસ્ત્રીજીને મેં વિનતિ કરી.

પ્રસ્તુત ગ્રન્થનું ભાષાન્તર કરી દેવાની મારી વિનતિને ઉદાર દિલથી સ્વીકારી આ કામ બનતી ઉતાવળે સમાપ્ત કરવા પોતાથી જે બનતું કર્યું છે તેને માટે આ સ્થળે તેઓના ઉપકાર માનવાની ખુશહાલી ભરેલી તકને મારે વિસારી મૂકવી નહિ જોઈએ

આ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ અંતઃકરણને બોધ આપ્યોછે

તેપરથી આપણને એ ધડો લેવાનો છે કે શ્રીભગવાન્ બ્રહ્મસંબંધ લીધા પછી આર્પણને પોતાના તરીકે અંગીકાર કરે છે. એટલે આપણી જીંદગીના અંત સુધી અને તે પછી પણ આપણને પોતાના અંગીકૃતની ગણનામાંથી બહાર નહિ મૂકે એ નિર્વિવાદછે.

વખતે આપણાં પોતાનાજ નીચ કૃત્યો તેઓ શ્રીની અંગીકૃતની ગણનામાંથી બાદ થવાનો નહિ ઇચ્છવા યોગ્ય કડવો પ્રસંગ ઉભો કરે, તોપણ આપણે બ્રહ્મસંબંધ લીધાની પહેલાં જે દયાપાત્ર સ્થિતિમાં મૂકાયા હતા તે સ્થિતિમાં તો આપણને આ પણા હિતચિંતક શ્રીપ્રભુ મૂકશેજ નહિ એ નિઃસંશય છે.

હવે આપણે આ ગ્રન્થમાં આપેલા ચાંડાલીના દૃષ્ટાન્ત તરફ નજર ફેરવીશું તો આપણને સ્પષ્ટ સમજવામાં આવશે કે રાજાએ પત્નિ તરીકે અંગીકૃત કરેલી ચાંડાલિ પોતાના દુર્ભાગ્યે રાજાની મેળવેલી કૃપાથી બેનશીબ રહે તોપણ તે રાજાની રાણીની ગણનામાંથી બહાર નીકળી જવાનીજ નથી.

તે દાખલાપરથી આપણને એ શિક્ષણ લેવાનું છે કે આપણે આપણું સર્વસ્વ શ્રીપ્રભુને અર્પણ કરી તેઓના થયા ત્યાર પછી આપણાપર તેમની કૃપા થઈ તેનું આપણા મનમાં અભિમાન થવાથી તેમની ઇચ્છાનુસાર વર્તવામાં જો કાંઇ આપણને બેદરકારી રહે તેને પરિણામે પૂર્વની કૃપામાં ન્યૂનતા થાય તોપણ પોતાનાપણાથી જે આપણનો સ્વીકાર કર્યો છે, તે કોઇ દિવસે પણ મટવાનો નથી કારણ કે તેમનો અંગીકાર નિત્ય છે માટે આપણા દોષોનું સ્મરણ કરી કૃપામાં ન્યૂનતા થવાની ચિન્તા છોડી દઇ તેમનાપરજ સંપૂર્ણ વિશ્વાસ રાખી તન, મન અને ધનથી પણ તેમની સેવામાં પછાત રહેવું નહિ જોઇએ એવો બોધ આપણને શ્રીઆચાર્યચરણો આપે છે માટે તે બોધ તરફ લક્ષ દોડાવવાની હું મારા વૈષ્ણવભાઇઓને નમ્ર વિનતિ કરી આ પ્રસ્તાવના સમાપ્ત કરૂં છું.

નડીઆદ
શ્રીવલ્લભાબ્દ ૪૩૩,
શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય.

પ્રકાશક.

॥ श्रीहरिः ॥

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ श्रीमद्वल्लभाचार्यजी विरचितः ॥

अन्तःकरणप्रबोधः

આ ગ્રન્થની ટીકા કરતાં શ્રીગોકુલનાથજી મહારાજ મંગલાચરણ કરે છેઃ—

॥ श्रीकृष्णाय नमः ॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥
दर्शयन् स्वस्य सौभाग्यं स्वीयानां भक्तिवर्त्म च ।
स्वमनोबोधवाक्यानि प्रकटीकृतवान् प्रभुः ॥ १ ॥

प्रणम्य पितृपादाब्जं चिन्तिताधिकदायकम् ।
स्वमनोबोधकाचार्यवचो व्याख्यातुमुद्यतः ॥ २ ॥

यद्यपीश्वरवाक्यानि दुर्बोधानि सदा स्वतः ।
तथाऽपि तत्कृपामेऽस्ति (तत्कृपामेतदीयस्य)
तदर्थावगमे गुरुः ॥ ३ ॥

भविष्यतीति निश्चित्य प्रवृत्तोऽहं न चान्यथा ।
अतः स्वाचार्यचरणौ शरणं मम सर्वदा ॥ ४ ॥

અર્થઃ—પોતાનુ (પ્રભુની કૃપારૂપ) સૌભાગ્ય અને પોતાના (ભક્તો)ને ભક્તિનો માર્ગ દેખાડતા શ્રીપ્રભુ (શ્રીઆચાર્ય ચરણોએ) પોતાના મનને બોધ (આપવા)નાં વાક્યો પ્રકટ કરેલાંછે.(૧)

મનમાં ઇચ્છા કરી હોય તેના કરતાં અધિક આપનાર, પિતા (શ્રીવિઠ્ઠલનાથજી)નાં ચરણકમલને અત્યંત નમન કરીને, પોતાનાં મનને બોધ કરનાર શ્રીઆચાર્યજીનાં વચનનું વ્યાખ્યાન કરવા (હું) તત્પર થયો છું. (૨)

જો કે ઈશ્વરનાં વાકયો પોતાથી સદા જાણી શકાય તેવાં નથી, તોપણ તેઓ શ્રીની કૃપા મ્હારા માટે છે. (તેથી) તે કૃપા તેમનાં વાકયોનો અર્થ જાણવામાં અથવા હું તેમનો છું તેથી તેમનાં વાકયોનો અર્થ જાણવામાં તેમની કૃપાએજ મારા ગુરુ (૩) થશે એવો નિશ્ચય કરીને હું પ્રવૃત્ત થયો છું. બીજું કાંઈ પણ બલ તેનો અર્થ જાણવામાં નથી; માટે આપણા આચાર્યશ્રી (શ્રીમદ્વલ્લભાચાર્યજી)ના બન્ને ચરણારવિંદ સર્વદા મ્હારા રક્ષક છે; અર્થાત્ તેમનાં ચરણકમલના દૃઢ આશ્રયથી તેમનાં વાકયોના અર્થનું જ્ઞાન થશે (૪) (એવી રીતે કહી કોઈ કાર્યમાં ભકતાએ પોતાનું અભિમાન રાખવું જોઈએ નહિં, પણ શ્રીઆચાર્યજીનાં ચરણકમલનોજ દૃઢ આશ્રય રાખવો એમ સૂચવે છે.)

હવે શ્રીઆચાર્યચરણે આ "અંતઃકરણપ્રબોધ" ગ્રન્થ રચ્યો છે તેની સંગતિ મેળવવા માટે ઉત્થાનિકામાં નીચે પ્રમાણે લખે છે

શ્રીભગવાન્-પૂર્ણપુરૂષોત્તમે પોતેજ પોતાનાં સ્વરૂપાત્મક-દ્વાદશસ્કંધાત્મક-શ્રીભાગવત પ્રકટ કરીને તેનો અર્થ, પોતા શિવાય બીજા કોઈનાથી પ્રકટ થઈ શકે તેવી યોગ્યતા નથી એમ જાણીને, પોતાની વાણીના અધિપતિ રૂપ શ્રીમદ્વલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય કરીને શ્રીભાગવતનો અર્થ પ્રકટ કરવાની આજ્ઞા દઈને તેઓશ્રીની પાસે શ્રીસુબોધિનીજી કરાવ્યાં, તેનાં ક્રમ પ્રમાણે શ્રીભાગવતનાં ત્રણ સ્કંધોપર શ્રીસુબોધિનીજી થતાં ઘણે વખત જવાથી શ્રીઆચાર્યજીનો વિયોગ નહિ સહન કરવાને લીધે દેહ ત્યાગ કરવાની આજ્ઞા કરી, દશમસ્કંધની વિવૃતિ કરવાની વિશેષાજ્ઞા કરી દેશપરિત્યાગના બીજી આજ્ઞા કરી શ્રીભાગવતના ઉંડા અર્થને પ્રતિપાદન કરનાર દશમસ્કંધના વિવરણ માટે ખાસ આજ્ઞા આપી, ત્યારે આ પ્રમાણે શ્રીઠાકોરજીની આજ્ઞા મળવાથી શ્રીઆચાર્યચરણોએ પહેલા ત્રણ સ્કંધનું વિવરણ સમાપ્ત કરીને દશમસ્કંધપર વિવરણ કરવાનું શરૂ કર્યું. તે વિવરણ સમાપ્તથતાં

પોતાને શ્રીઆચાર્યજીના સમાગમમાં થતા વિલંબને સહન નહિ કરતાં શ્રીઠાકોરજીએ જલદી પોતાની પાસે આવવા માટે ત્રીજી સંન્યાસ કરવાની આજ્ઞા આપી, ત્યારે શ્રીઆચાર્યચરણો પોતાને માથે ભગવત્કૃપા હોવાને લીધે પોતાની મોટાઈ તરફ નજર રાખીને શ્રીભાગવતનું કરવા ધારેલ વિવરણ સંપૂર્ણ નહિ થવાને લીધે પોતે શ્રીપુરૂષોત્તમના માર્ગને ચલાવનાર હોવાથી તે માર્ગને ચલાવનારપણાની મોટાઇના આવેશમાં બે વખત શ્રીભગવાનની પોતા પાસે આવવાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, તોપણ શ્રીભગવાન શ્રીઆચાર્યજીના સમાગમને અત્યંત જરૂરનો છે એમ માની શ્રીભાગવતના વિવરણ માટે આપવામાં આવેલી આજ્ઞા ઓળંગીને પણ અતિ કૃપાભરેલા રોષપૂર્વક ફરીને પોતાની પાસે આવવાની ત્રીજી આજ્ઞા આપી. ત્યારે શ્રીઆચાર્યજી શ્રીભગવાનનો અત્યંત આગ્રહ જોઇને શ્રીઠાકોરજી તરફથી પહેલાં આપવામાં આવેલ બન્ને આજ્ઞા ઓળંગી શકવાનો હિમ્મત ધરાવનાર પોતાનું અંતઃકરણ છે એમ જણાવવા માટે તેનેજ સમજાવે છે.

मूलम्—अन्तःकरण मद्वाक्यं सावधानतया शृणु ॥
कृष्णात् परं नास्ति दैवं वस्तुनो दोषवर्जितम् ॥१॥

पदानि—अन्तःकरण ! मद्वाक्यम्, सावधानतया, शृणु, कृष्णात्, परम्, न, अस्तिदैवम्, वस्तुनः दोषवर्जितम् ।

अन्वयः—अन्तःकरण ! सावधानतयामद्वाक्यं शृणु वस्तुतः दोषवर्जितम् कृष्णात् परमदैवम् न अस्ति

શબ્દાર્થ—અન્તઃકરણ ! સાવધાન થઇને મારૂં વચન સાંભળ વાસ્તવિક રીતે દોષરહિત શ્રીકૃષ્ણથી બીજું દૈવત નથી.

વિવરણ—જો કે આ વિષયમાં સઘળી ઇન્દ્રિયોનો ઉપયોગ આવતો હોવાને લીધે સઘળી ઇન્દ્રિયોને સમજાવવી એ યોગ્ય તો પણ તે સઘળી ઇન્દ્રિયો અંતઃકરણને આધીન હોવાને

લીધે જેમ રાજા કબજે થાય ત્યારે સર્વ રાજ્ય કબજે થઇ જાય, તેવીજ રીતે જ્યારે અંતઃકરણને પ્રબોધ થાય ત્યારે બધી ઇન્દ્રિયો પ્રબોધિત થઈ જાય છે. તેટલા માટેજ અંતઃકરણને પ્રબોધ કરે છે કે મારૂં વાક્ય સાવધાનતાથી સાંભળ જો કે 'મહારૂં વાક્ય સાંભળ' એટલું કહેવા માત્રથી અંતઃકરણને પ્રબોધ સિદ્ધ થાય તેમ છે તો પણ સાવધાનપણુાંથી સાંભળવાનું કહ્યું છે તેનો એવો અભિપ્રાય છે કે જેમ વ્રજસીમંતિની (શ્રીગોપીજનો) પોતે ધર્મી (સ્વરૂપાસક્તિરૂપ) માર્ગમાં આસક્ત હોવાથી તે આસક્તિના અભિનિવેશથી, ફલપ્રકરણ (રાસપંચાધ્યાયી)ના પ્રથમાધ્યાયમાં શ્રીભગવાને ઘેર પાછાં જવાની આજ્ઞા કરી તે આજ્ઞાનું ઉલ્લંઘન કરી તેમનાં દરેક વાક્યોનું ઉત્તર આપી પોતાને ઇચ્છિત કાર્યરૂપ રાસરમણનો આનંદ મેળવ્યો, તેમ હું પણ શ્રીભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શ્રીભાગવતની ટીકા સંપૂર્ણ સિદ્ધ કરીશ, એવો આગ્રહ કરીશ તો, શ્રીગોપીજનોને ગૃહ પ્રત્યે પાછાં જવાની શ્રીપ્રભુની આજ્ઞા થઈ હતી, તે આજ્ઞાનું પાલન કરતાં તો શ્રીપ્રભુથી વિમુખ થવું પડતું, એટલુંજ નહિં પણ બ્રહ્માનંદરૂપ–મુક્તિથી પણ અધિક–ફલરૂપ શ્રીપૂર્ણપુરૂષોત્તમ પરબ્રહ્મ–શ્રીકૃષ્ણની સાથે સર્વકામાશનરૂપ–ભજનાનંદનું સુખ પ્રાપ્ત થાત નહિં. તેથી તેમણે શ્રીપ્રભુની (ગૃહપ્રત્યે પાછા જવાની) આજ્ઞાનું ઉલ્લંઘન કરી તેમનાં દરેક વાક્યોનાં ઉત્તર આપી (ગૃહપ્રત્યે પાછાં નહિં જતાં) શ્રીપ્રભુની પ્રાર્થના કરી શ્રીપ્રભુ પાસે રહ્યાં; તો તેમને ભજનાનંદનું સુખ પ્રાપ્ત થયું. અને અહિં તો શ્રીપ્રભુની પોતા પાસે આવવાની આજ્ઞા થઈ છે, તે આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી શ્રીપ્રભુથી વિમુખ થવાથી તેમનો અલૌકિક આનંદ પ્રાપ્ત નહિં થાય એ વિપરીત ફલ પ્રાપ્ત થાય તેમ છે; માટે આ બાબતમાં આગ્રહ કરવો નહિં. એમ સૂચવવા માટે સાવધાનપણાથી સાંભળવાનું કહ્યું છે. જો શ્રીપ્રભુની કૃપાની વધારે મગરૂરી રાખી તેમની આજ્ઞા પ્રમાણે વર્ત્તવામાં વિલંબ કરવામાં આવે તો તેમાં બાધક છે. એમ જણાવવા માટે આજ્ઞા કરે છે

કે શ્રીકૃષ્ણથી પર (બીજુ') દેવ નથી; એટલે ફલરૂપ-શ્રીકૃષ્ણથી અતિરિક્ત પરમ ઇષ્ટરૂપ દેવ નથી. અહિં દેવ શબ્દ કહેવાથી દિવુ ધાતુના તમામ અર્થો શ્રીકૃષ્ણમાંજ સંભવે છે.

दिवु क्रीडाविजिगीषा व्यवहारद्युतिस्तुतिमोद मदस्वप्नकान्तिगतिषु ।

દિવુ ધાતુ ક્રીડા, જયની ઇચ્છા, વ્યવહાર, દ્યુતિ, સ્તુતિ, મોદ, મદ, સ્વપ્ન, કાંતિ અને ગતિ એટલા અર્થમાં લાગુ પડે છે, તે તમામ અર્થો શ્રીકૃષ્ણમાંજ લાગુ પડે છે, તે એવી રીતે કે ભક્તોના ઈચ્છિત ભોગ માટે [1]ક્રીડા કરે છે, ક્રીડામાંજ [2]જયની ઇચ્છા કરે છે. ભકતોની સાથે [3]વ્યવહાર કરે છે, ભકતોને પોતાનું માહાત્મ્ય તથા ઇચ્છાનું [4]દ્યોતન કરે છે, શ્રીગોપીજનોને કહ્યું છે કે તમો મારે માટે કપટરહિત થઈ સર્વ છોડી મને મલ્યાં છો તેનો બદલો હું દેવતાના સો વર્ષે પણ આપી શકું એમ નથી. તેમ શ્રીરૂક્મિણીજીને કહ્યું છે કે તમારા જેવી ઉત્તમ સ્નેહવાળી બીજી સ્ત્રી મેં જોઇ નથી, ઈત્યાદિક દાખલાઓથી [5]સ્તુતિ કરવાનું સિદ્ધ થાય છે, ભક્તોની શરણાગતિ જોઇ કાલિયદમનાદિક લીલામાં ભકતોને [6]મોદ કરે છે, ભકતોમાંજ ભક્તિનો [7]મદ કરે છે, ભકતોને સ્વપ્નમાં ક્રીડાનો આનંદ કરાવવા માટે [8]સ્વપ્ન કરે છે, ભકતોની કાન્તિ [9]કરે છે અથવા ભકતોની ઇચ્છાને પૂરી પાડે છે, અને ભકતોના સમીપમાં [10]પધારે છે. એ પ્રમાણે દિવુ ધાતુના દશે અર્થો શ્રીકૃષ્ણમાંજ સંભવે છે, તે જો પ્રથમના ભાવની મગરૂરીથી શ્રીપ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન

---

૧. આંહી ક્રીડાનો અર્થ આવ્યો ૨ આંહીઆં વિજીગીષાનો અર્થ આવ્યો ૩ આંહીઆં વ્યવહારનો અર્થ આવ્યો ૪ આંહીઆં દ્યુતિનો અર્થ આવ્યો.

૫. આંહીઆં સ્તુતિનો અર્થ આવ્યો. ૬. આંહીઆં મોદનો અર્થ આવ્યો. ૭. આંહીઆ મદનો અર્થ આવ્યો. ૮. આંહી સ્વપ્નનો અર્થ આવ્યો. ૯. આંહી કાંતિ તથા ઇચ્છાનો અર્થ આવ્યો. ૧૦. આંહી ગતિનો અર્થ આવ્યો.

કરવામાં આવે તો દશેભાવ બાધિત થાય છે, માટે પૂર્વ ભાવની પ્રૌઢિ મૂકી દેવી એમ સમજાવવા માટે કૃષ્ણથી બીજું દવ નથી એમ કહ્યું છે.

આંહી એવી શંકા થાય કે શ્રીભાગવતનો વિચાર કરવો તેનું પર્યવસાન પણ શ્રીપુરૂષોત્તમના વિચારમાંજ જાય છે, માટે પૂર્વભાવની પ્રૌઢિથી શ્રીસુબોધિનીજી પૂરાં કરવાનો આગ્રહ યોગ્ય છે. એવી શંકાના નિરાકરણ માટે કહ્યું છે કે વસ્તુથી દોષ-રહિત બીજું દૈવ નથી. તેનો એવો અભિપ્રાય છે કે શ્રીભાગ-વતના વિચારનું પર્યવસાન જો કે શ્રીકૃષ્ણમાંજ જાય છે, તો પણ જ્યારે વિચાર કરવામા આવે ત્યારે પોતાના સિદ્ધાન્તનું નિરૂપણ કરવા માટે તેનાથી વિરૂદ્ધ બીજાં શાસ્ત્રના સિદ્ધાન્તનું નિરાકરણ અવશ્ય કરવુંજ જોઇએ, અને ભગવાનની આજ્ઞા પોતાની પાસેજ આવવાની છે. તેના ફલનો જ્યાં વિચાર કરીએ ત્યાં ભગવદ્ભાવ શિવાય બીજા ભાવનો પ્રવેશજ આ ફલરૂપ માગ માં દોષરૂપજ છે. તેથી બાજો ભાવ આવે તો દોષરૂપ થાય માટે શ્રીપ્રભુ પાસે જવું એ દોષ વગરનું છે. (૧)

એવી રીતે અંતઃકરણને બોધઃ કરવામાં પણ અંતઃકરણમાં એવો વિચાર થાય કે પ્રથમના ભાવની પ્રૌઢિથી શ્રીભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તેનાથી શ્રીભગવાનનો અપરાધ થવાથી શ્રીભગવાન પોતાનું અપમાન થયું છે એમ માની ફલ આપવામાં જો વિલંબ કરે તો શ્રીભાગવતનો વિચાર પણ થયો નથી અને ફલ પણ મળ્યું નહિ એમ બન્નેમાંથી ભ્રષ્ટ થવાય તેના કરતાં શ્રીભાગવતના અર્થની વિવૃતિની સમાપ્તિ કરવાનો આગ્રહ રાખવો એજ યોગ્ય છે, એવો મનમાં મેલ આવે તેને લૈકિક દૃષ્ટાન્ત આપી કૈમુતિકન્યાયથી નિવૃત્ત કરે છે.

मूलम्--चाण्डाली चेद् राजपत्नी जाता राज्ञा च मानिता॥
कदाचिदपमाने वा मूलतः का क्षतिर्भवेत् ॥२॥

पदानि-चाण्डाली, चेत्, राजपत्नी, जाता, राज्ञा, च, मानिता, कदाचित्, अपमाने, वा, मूलतः, का, क्षतिः, भवेत्.

अन्वयः-चाण्डालीचेत् राजपत्नी जाता च राज्ञा मानिता कदाचित् (तस्याः) अपमाने वा मूलतः क्षतिः का भवत् ?

શબ્દાર્થ—ચાંડાલી જો રાજાની રાણી થઇ હોય અને (જો કે) રાજાએ માનીતી કરી હોય તો પણ વખતે (તેણીનું) અપમાન થયું હોય તો પણ (તેણીને) મૂલ રાજાની રાણી હોવામાં શું નુકશાન થયું ? (કાંઈજ નહિ)

વિવરણ—ચાંડાલ જાતની કન્યા પણ વખતે રાજાની રાણી થઇ પડે એટલુંજ નહિ પણ રાજાએ તેણીને રાણી તરીકે સ્વીકારેલી હોઇને બીજી રાણીઓ કરતાં તેણીને વધારે માન આપવામાં આવતું હોય છતાં ગફલતથી થયેલા તેણીના અપરાધને લીધે વખતે રાજા તરફથી અપમાન કરવામાં આવ્યું હોય તો પણ તેણીને રાજપત્ની તરીકે મળેલી પોતાની જાહોજલાલીમાં શું નુકશાન થવાનું છે ? એટલે ટુંકામાં તેણીનું રાજપત્નીપણું કોઇ પ્રકારે પણ જવાનું નથી, જો કે આ ચાંડાલીમાં યજ્ઞસંયોગ નહિ થઇ શકવાથી તેણીનું પત્નીપણું સંભવતું નથી. તો પણ આ સ્થળે " भोग्याजाता " (ભોગવવા યોગ્ય થઇ) એમ નહિ લખતાં તેના બદલામાં જે પત્નીપદ મૂકવામાં આવ્યું છે તે એમ જણાવે છે કે ભોગ્ય સ્ત્રીનો પોતાની ઇચ્છા પ્રમાણે ત્યાગ કરી શકાય છે, પણ પત્ની તરીકે સ્વીકારેલી સ્ત્રીનો ત્યાગ કરવો એ યોગ્ય ગણાતું નથી; અને એમ જણાવીને તેણીમાં પોતાનું સ્વત્વાભિમાન જણાવ્યું છે, એટલે પોતાની ચાંડાલી અવસ્થામાં પોતાને સઘળા જોઇ શકતા હતા બીજાઓ સ્પર્શ કરી શકતા નહિ હતા અને તે પોતે છુટથી બીજા પાસે જઇ શકતી હતી, તે હવે રાજા શિવાય તેણીને બીજો કોઇ જોઈ શકે નહિ, સ્પર્શને અયોગ્ય હતી તે સ્પર્શને યોગ્ય થઇ, અને ગમે ત્યાં તેનો વિનિયોગ થતો હતો તે બંધ થયો; એ

વિગેરે ધર્મો તેમાં વધારે આવ્યા જો मूलतः का क्षतिर्भवत् આંહીના "मूलतः" એ શબ્દથી राजपत्नी નહિ લેતાં જો ચાંડાલી પણું લેવામાં આવે તે એવો અર્થ નીકળી શકે કે માનનો હેતુ ચાંડાલીપણુંજ છે, પણ રાજાની સ્રીપણું માનનો હેતુ નથી. આંહીઆં તો રાજાના માનનું કારણ રાજપત્નીપણુંજ છે. પણ ચાંડાલીપણું સન્માનનો હેતુ નથી. છતાં ચાંડાલીપણુંજ સન્માનનો હેતુ છે. એમ સ્વીકારવામાં આવે તો "पत्नी जाता" (સ્રી થઇ) એ પદ નિષ્ફલ જાય છે. માટે જો રાજાએ વખતે તેણીનું અપમાન કર્યું હોય તો તેટલાથી તેણીએ ખેદ નહિ કરવો જોઇએ, કારણ કે પોતાનું રાજપત્ની રૂપ મૂલ તો વિદ્યમાનજ છે. જેમ ફાગણ માસમાં વૃક્ષોના જુનાં પાંદડાનો નાશ હોઇને આખાં મૂલ સહિત વૃક્ષને નવાં પાંદડા આવવાથી પોતે વૃક્ષ પહેલાં જેવું હતું તેવું બની જાય છે. તેમ ચાંડાલીનું રાજપત્ની પણું વિદ્યમાનજ છે તો ફરીને પહેલાંની માફક સઘળું માન થઇ રહેશે એમ વિચાર કરીને તેણીએ ખેદ નહિ કરવો જોઇએ. चाण्डालीचेत् આંહીના चेत् (જો) શબ્દથી જણાય છે કે પોતે ચાંડાલી હોવાથી અંગીકારને અયોગ્ય હોવા છતાં દૈવેચ્છાથી પોતાનો રાજાએ અંગીકાર કર્યો એટલે મતલબ કે લોકમાં એવી વ્યવસ્થા થાય છે કે અંગીકાર કરવાને તમામ અયોગ્ય લોકો પણ દૈવગાતથી રાજા વિગેરેમાં અંગીકૃત થઇ જાય છે. તો જીવો તો સર્વથા અંગીકાર કરવાને યોગ્ય છે, અંગીકાર કરનારા શ્રી પ્રભુ અલૌકિક છે, અને વળી શ્રીપ્રભુનો અંગીકાર પણ નિત્ય अङ्गीकृतजन जनितापराध कृत्क्षमा विनोदोऽस्य ॥ अङ्गीकृतिश्च नित्या वदन्तुकोऽन्योऽस्यसाम्य मियात् (અંગીકૃત માણસોને તેઓનાથી થયેલ ગંભીર અપરાધો માટે ક્ષમા આપવી એ તો એમની ગમ્મત છે અને જેમણે કરેલો અંગીકાર નિત્ય છે માટે કહો કે એમની બરોબરીઓ કોણ છે? એ શ્લોકમાં શ્રી ગુસાંઇજીએ કહ્યા પ્રમાણે શ્રી પ્રભુનો અંગીકાર નિત્ય) છે તો પછી પ્રભુના સંયોગ રૂપ ફલ મળવામાં જો વિલંબ થાય તો તે સં-

બંધી કોઈ પ્રકારે તારે ચિન્તા નહિ કરવી જોઇએ. એટલે હવે તારે પોતા પાસે આવવાની, શ્રી ભગવાનની આજ્ઞા ઓળંગીને પણ શ્રીભાગવતનું વિવરણ સંપૂર્ણ કરવું જોઇએ એવા હઠપર નાહ ચડવું જોઇએ. જો:સંયોગ રૂપ ફલ આપવામાં વિલંબ થાય તો તે વિલંબ પણ સંયોગ તથા વિપ્રયોગ રૂપ બે પ્રકારનો રસ હોવાથી વિલંબને વિપ્રયોગરસાત્મકપણું હોઇને તે વિલંબ પણ ફલના મધ્યપાતીછે તેથી: તેમાં કાંઈ શંકા કરવા જેવું નથી. એટલે બધું નિર્દોષ છે. (૨)

એ પ્રમાણે શ્રી મહાપ્રભુજીએ અલૌકિક પ્રકારથી પોતાના મનને સમજાવતાં પેટામાં પોતાના માર્ગના લોકોને પણ પ્રભુના સંયોગ રૂપ ફલ મેળવવામાં વખતે વિલંબ થાય તો પણ ચિન્તા નહિ કરવાની શિખામણ પણ આપેલી જણાય છે, "જો કે પ્રભુના સંયોગ રૂપ ફલ મેળવવામાં થતા વિલંબથી મને ખેદ ઉત્પન્ન થયેલો નથી, તો પણ શ્રી ભગવાનની કૃપાના અભિમાનની હાનિથી પશ્ચાત્તાપ થયો છે" એમ ખેદ પામેલા અંતઃકરણને સમજાવવા માટે કહે છે કે—

मूलम्—समर्पणादहं पूर्वमुत्तमः किं सदा स्थितः ॥
का ममाधमता भाव्या पश्चातापो यतो भवेत्॥३॥

पदानि—समर्पणात्, अहम्, पूर्वम्, उत्तमः, किं, सदा, स्थितः, का, मम, अधमता, भाव्या, पश्चात्तापः, यतः, भवेत् ।

अन्वयः—अहम् समर्पणात् पूर्वम् सदा किम् उत्तमः स्थितः ? मम अधमता का भाव्या ? यतः पश्चात्तापः भवेत् ।

અર્થ:—મેં સર્વ નિવેદન કર્યા પહેલાં શું નિત્ય ઉત્તમ હતો ? મારી (એવી) અધમતા કેવી વિચારવી છે (કે) જેથી પશ્ચાત્તાપ થાય ?

વિવરણ—માનની હાનિથી ઉત્પન્ન થયેલો પશ્ચાત્તાપ પો-

તાના બરોબરીઆમાંજ ઘટે છે એટલે મતલબ કે પોતાના બરોબરીઆથીજ જો માનનો ભંગ થયો હોય તોજ તે પશ્ચાત્તાપનો ખરેખરો હેતુ છે, પણ આ મારો છે એવો અંગીકાર કરીને મહારાજ હિત માટે પોતાના પ્રભુ એજ પોતાનાજ માનની હાનિ કરી હોય તો તે પશ્ચાત્તાપનું કારણ નથી. શ્રી પ્રભુની કૃપાથી ઉત્પન્ન થયેલ માન મેળવવાની યોગ્યતા પણ તને શ્રી પ્રભુના અસાધારણ સંબંધથીજ થયેલ છે, પણ તેઓશ્રીના સંબંધ પહેલાં માન મેળવવાની તારામાં યોગ્યતા પણ નહિ હતી. એ વિષયનો વિચાર કર એમ જણાવવા માટે पूर्वमुत्तमः किं सदा स्थितः એમ કહ્યું છે. નિત્ય શ્રીપ્રભુને સઘળું નિવેદન કર્યા પહેલાંજ પણ શું હું ઉત્તમ હતો? તેથી જે પહેલાં કહેવામાં આવેલ ભાવને યોગ્ય થયો છું? માટે પહેલાં કહેવામાં આવેલ ભાવને ઉત્પન્ન કરનારી યોગ્યતાના અભાવ રૂપ (મારી) અધમતા કેટલી છે? એ વિચાર કરવા યોગ્ય છે. આંહીઆં का (કેટલી) એ શબ્દથી પોતાની અધમતા અવધિ વગરની છે એમ કહ્યું છે.

જે કારણથી સર્વ પ્રકારે કોઇ પણ પશ્ચાત્તાપનો હેતુ નથી, માટે તારે આ વિષયમાં પશ્ચાત્તાપ નહિ કરવો જોઇએ, "જો કે પશ્ચાત્તાપનો હેતુ નહિ હોવાથી તેનો ત્યાગ કરવો એજ યોગ્ય છે. તો પણ ફલ મેળવવામાં ઘણો વખત ચાલ્યો જાય તો મારે શું કરવું?" એમ સંશય કરતાં અંતઃકરણને હવે પછીના શ્લોકથી સમજાવે છે કે—

मूलम्—सत्यसङ्कल्पतो विष्णुर्नान्यथा तु करिष्यति ॥
आज्ञैव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा भवेत् ।४।

पदानि—सत्यसंकल्पतः, विष्णुः, न, अन्यथा, तु, करिष्यति, आज्ञा, एव, कार्या, सततम्, स्वामिद्रोहः, अन्यथा, भवेत् ।

अन्वयः–विष्णुः सत्यसंकल्पतः अन्यथा तु न करिष्यति ॥ सततम् आज्ञा एव कार्या अन्यथा स्वामिद्रोहः भवेत् ॥

અર્થઃ—શ્રીભગવાન્ સત્યસંકલ્પ વાળા હોઇને ફલ દેવામાં અન્યથા તો (વિલંબ) નહિ કરશે (માટે) નિત્યે (શ્રીપ્રભુની) આજ્ઞાજ કરવી (અને) આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી સ્વામીનો દ્રોહ થાય છે.

વિવરણ—શ્રી ભગવાન્ સત્યસંકલ્પ વાળા હોઇને એટલે બાહ્ય અને આભ્યન્તરના ભેદથી રસથી વ્યાપ્ત હોઇને ફલ દેવામાં વિલંબ નહિ કરશે. આ વિષયમાં "શ્રી ભગવાન્ ફલ નહિ દેશે" એવી વિરૂદ્ધ શંકા બંધ કરવા માટે શ્લોકમાં તુ શબ્દ મૂકવામાં આવ્યો છે માટે તારે નિત્યે ફલના વિલંબનો સંદેહ પણ નહિ રાખીને.શ્રી પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવું. પણ શ્રી ભગવાનની કૃપાના માનને લીધે કોઇ દિવસ પણ તેઓશ્રીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ. હવે જો તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે વર્તવામાં નહિ આવે તો મોટું બાધક થશે એમ કહે છે. "स्वामिद्रोहोऽन्यथा भवेत्" એટલે તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે નહિ વર્તવામાં સ્વામીનો દ્રોહ કર્યો ગણાય. જો કે "आज्ञैव कार्या सततम्" (નિત્યે શ્રી પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવું) એટલાથીજ તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે વર્તવાનું સિદ્ધ થાય છે. તો પણ જે "स्वामिद्रोहोऽन्यथा भवेत्" એમ જે બાધક કહેવામાં આવ્યું તેનો એવો અભિપ્રાય છે કે જેમ ફલ પ્રકરણમાં શ્રી ભગવાનની કૃપાના માનને લીધે તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે નહિ વર્તતાં છતાં પણ શ્રી ગોપીજનોનું કાર્ય સિદ્ધ થયું છે. તેમ મારૂં પણ કાર્ય સિદ્ધ થશે એવું અજ્ઞાન મટાડવા માટે કહ્યું છે કે "स्वामिद्रोहोऽन्यथा भवेत्" એનો એવો અર્થ ન કળે છે કે વ્રજસુંદરીઓએ શ્રી પ્રભુની કૃપાના માનને લીધે તેઓશ્રીના આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. તે ઉલ્લંઘન શ્રી પ્રભુને તથા પોતાને સઘળા પુરૂષાર્થોને સાધનારૂં થયું છે, આ

દૃષ્ટાન્તથી તું જો એમ આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ તો બન્નેને પણ વિપરીત ફલ થાય તેમ છે એમ જણાવવા માટે "स्वामिद्रोहोऽन्यथा भवेत्" એ બાધક કહેવામાં આવ્યું છે બાધકત્વમાં હેતુ શ્રીગોપીજનોએ કરેલું પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન ફલમાં થનારા પ્રતિબંધને મટાડવામાં ઉપયોગી થયું, તેથી શ્રી પ્રભુને તથા તે શ્રીગોપીજનોને અવધિ વગરનો આનંદ સિદ્ધ થયો છે. અને તારે તો બાધકપણામાં કારણ એ છે કે શ્રીપ્રભુની આજ્ઞા ઉલ્લંઘન કરવાથી તેઓશ્રીએ આપવા ધારેલ ફલમાં તે ઉલ્લંઘન પ્રતિબંધકરૂપ હોઇને શ્રી પ્રભુને ક્રોધ ઉપજાવી તને ફલ મળવામાં વિલંબ કરી તારૂં અનિષ્ટ કરશે માટે સર્વપ્રકારે તેઓશ્રીની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરવું માટે કહ્યુંછે કે स्वामिद्रोहोऽन्यथा भवेत्" (૪)

એ પ્રમાણે કારણ સહિત "શ્રીભાગવતનું વિવરણ સમાપ્ત થયા પછીજ ત્યાં જવું એવો આગ્રહ નહિ કરવો જોઇએ એ વાત સિદ્ધ કરીને વખતે શ્રીભાગવતનું વિવરણ કરીનેજ ત્યાં જવું" એમ પહેલાં કરવામાં આગ્રહથી જો શ્રીપ્રભુનો કોપ થાય તો પોતાની ઈષ્ટ સિદ્ધિ કેમ થાય ? એમ સંશય કરતાં અંતઃકરણને સમજાવે છે કે —

मूलम्–सेवकस्य तु धर्मोयं स्वामी स्वस्य करिष्यति ।
आज्ञा पूर्वं तु या जाता गङ्गासागरसङ्गमे ॥
याऽपि पश्चान्मधुवने न कृतं तद् द्वयं मया ॥५॥

पदानि–सेवकस्य, तु, धर्मः, अयम्, स्वामी, स्वस्य, करिष्यति, आज्ञा, पूर्वम्, तु, या, जाता, गङ्गासागरसङ्गमे, या, अपि, पश्चात्, मधुवने, न, कृतम्, तद्, द्वयम्, मया.

अन्वयः–सेवकस्य तु अयम् धर्मः स्वामी स्वस्य करिष्यति पूर्वम् तु गङ्गासागरसंगमे या आज्ञा जाता या अपि पश्चात् मधुवने तद् द्वयम् मया न कृतम्

અર્થઃ—સેવકનો તો આ ધર્મ છે (અને) સ્વામી પોતાના સ્વામિપણાના અસાધારણ ધર્મને સેવકના જ્ઞા. વષયક કરશે. ગંગા અને સાગરના સંગમમાં જે આજ્ઞા થઈ છે (અને વળી) જે આજ્ઞા પણ પાછળથી મધુવનમાં થઈ છે તે બન્ને આજ્ઞા મેં કરી નથી.

વિવરણ—મેં સેવકના અસાધારણ ધર્મો કયા કયા જોઇએ ? તે વાતનું પૂર્વના શ્લોકમાં પ્રતિપાદન કર્યું છે. તે અસાધારણ ધર્મોવાળું સેવકપણું જો તારામાં હશે તો તારો અસાધારણ ધર્મ જોઇ શ્રીપ્રભુ પણ (પોતાના) સ્વામીપણાના અસાધારણ ધર્મને પણ સેવકો સમજી શકે એમ કરશે.

" હઠની દશામાં પણ સેવકપણું વિદ્યમાન હોઇને તેમજ સ્વામીને પણ (પોતામાં) સ્વાભાવિક સ્વામિપણાના ધર્મો હોવાથી ફલમાં કેમ વિલંબ થાય ? " એવી શંકા જો અંતઃકરણને થાય તો તે શંકા અટકાવવા માટે સેવકનો ધર્મ(જ) ફલના વિલંબનો હેતુ છે એમ નિરૂપણ કરે છે કે " आज्ञा पूर्वन्तु या जाता " શ્રીપ્રભુની પહેલી આજ્ઞા પહેલાં ગંગા અને સાગરના સંગમમાં થઈ અને પછી બીજા શ્રીમધુવનમાં થઇ એ પ્રમાણે થયેલી બન્ને આજ્ઞા પ્રમાણે મેં કર્યું નથી (૫)

" તે બન્ને આજ્ઞા કયા પ્રકારની હતી કે જે તેઓએ ન કરી " એમ અંતકરણને શંકા થાય ત્યાં કહે છે કે

मूलम्--देहदेशपरित्यागस्तृतीयो लोकगोचरः ॥
पश्चात्तापः कथं तत्र सेवकोऽहं न चान्यथा ॥६॥

पदानि—देहदेशपरित्यागः, तृतीयः, लोकगोचरः, पश्चात्तापः, कथम्, तत्र, सेवकः, अहम्, न, च, अन्यथा.

अन्वयः—देहदेशपरित्यागः तृतीयः लोकगोचरः तत्र पश्चात्तापः कथम् ? सेवकः च अन्यथा न ।

અર્થ–દેહ અને દેશનો ત્યાગ (ન કર્યો) ત્રીજો સંન્યાસ (લેવો) તે વિષયમાં પશ્ચાત્તાપ કેમ થાય ? હું સેવક છું એમાં ફેર નથી.

વિવરણ–પહેલી આજ્ઞા દેહનો ત્યાગ કરવાની હતી દેહનો ત્યાગ કરવાની આજ્ઞાના સંબંધમાં એવી શંકા થાય છે કે પોતાના શરીરનો નાશ પ્રારબ્ધ કર્મના ભોગનો નાશ થયા પછીજ થાય છે, એટલે એ મર્યાદા પ્રમાણે શરીરનો નાશ નહિ થવા દેતાં બળાત્કારથી દેહનો ત્યાગ કરવો એ દોષરૂપ હોવા છતાં તવી આજ્ઞા શ્રીપ્રભુને કરવાનુ કારણ શું ? અને એવી આજ્ઞા પ્રમાણે નહિ વર્તવામાં દોષનો સંભવ કેમ આવે ? આવી શંકા જો થાય તો એ શંકા ખરી છે. જો કે કર્મને આધીન દેહનો તેના પ્રારબ્ધ ભોગની સમાપ્તિ વગર બળાત્કારથી ત્યાગ કરવામાં દોષનો સભવ છે, પણ જ્યાં કેવળ શ્રીપ્રભુની ઈચ્છાને આધીન દેહનું ગ્રહણ અને તેનો ત્યાગ કરવો હોય ત્યાં બળાત્કારથી તેવા દેહનો ત્યાગ કરવામાં દોષ નથી; કારણ કે તે દેહ અલૌકિક છે, એમ જાણતાં છતાં પણ જો દેહનો ત્યાગ કરવામાં ન આવે તો એ શ્રીભગવાનની આજ્ઞાના ઉલ્લંઘનનો હેતુ છે માટે તે પ્રતિબંધક છે એમ કહ્યું, દેહનો પરિત્યાગ સ્પષ્ટ છે. એમ દેહ અને દેશનો પરિત્યાગ કરવાની થયેલી બન્ને આજ્ઞા પ્રમાણે નહિ વર્તવું એ અનિષ્ટનો હેતુ છે એમ જાણીને સંન્યાસ લેવાની ત્રીજી આજ્ઞા કરી છે એમ કહે છે કે "तृतीयो लोकगोचरः" ત્રીજો પરિત્યાગ એટલે લોક પ્રસિદ્ધ સ્મૃતિ વિગેરે શાસ્ત્રોના વિષયરૂપ સંન્યાસગ્રહણપૂર્વક ઘરનો ત્યાગ કરવો અને આ પ્રમાણે સંન્યાસ ગ્રહણ કરીને ઘરનો ત્યાગ કરવામાં આવ્યો છે. જો કે આંહીઆં कृत શબ્દ નથી તો પણ પહેલી બન્ને આજ્ઞા નહિ કરવાને લીધે આંહીઆં कृत શબ્દ નથી તો પણ कृत શબ્દ આવે છે. જો કે પહેલી બન્ને આજ્ઞા પ્રમાણે નહિ વર્તવાનો અપરાધ (મારાપર) આવે છે તો પણ ત્રીજી આજ્ઞા (સંન્યાસ લેવાની) પ્રમાણે વર્તવાથી જે બન્ને આજ્ઞા પ્રમાણે વર્તવામાં

આવ્યું નથી છતાં પણ તે બન્ને આજ્ઞા પ્રમાણે વર્તી શકાયું હોય એમ થયું છે. એટલે જો કે મારાપર બન્ને આજ્ઞા પ્રમાણે નહિ વર્તવાનો અપરાધ આવતો નથી. તો પણ બન્ને આજ્ઞાના ઉલ્લંઘનથી થયેલ અપરાધને લીધે જો શ્રીપ્રભુ ફળ આપવામાં વિલંબ કરે તો તે વિલંબથી ઉત્પન્ન થયેલો પશ્ચાત્તાપ થવોજ જોઇએ માટે અપરાધની નિવૃત્તિ કેમ થાય ? એવો અંતઃકરણને સંદેહ થાય ત્યાં સમાધાન કરે છે કે " पश्चातापः कथं तत्र " જો કે ફલમાં વિલંબ થાય તોપણ તે થતો વિલંબ પણ એક જાતની શિક્ષારૂપ હોવાથી, સેવકે પશ્ચાત્તાપ નહિ કરવો જોઈએ, ત્યાં હેતુ બતાવે છે કે " सेवकोहम् " હું સેવક છું એટલે હું સેવા કરવાને યોગ્ય છું, બન્ને આજ્ઞાનું ઉલ્લંઘન સેવામાં પ્રતિબંધક છે એમ જાણીને તુરત સેવા માટે વિલંબથી તાપ ઉત્પન્ન કરીને જેમ શ્રીપ્રભુએ શિક્ષા આપી છે, તેમ પ્રતિબંધની નિવૃત્તિ કરીને પણ ફરીને સેવા માટેજ મને બોલાવવામાં તેઓશ્રીએ વિલંબ કર્યો નથી એટલે મને પશ્ચાત્તાપ થવો નહિ જોઈએ. કારણ કે હું સેવક છું પણ न चान्यथा (હું સેવક નથી એમ નથી) જો મારૂં સેવકપણું શ્રીપ્રભુ ન સ્વીકારતા હોય તો મેં કરેલા બન્ને આજ્ઞાના ઉલ્લંઘન તરફ નજર રાખી મારી સંભાળ લેત નહિ, એટલુંજ નાહ પણ આ પોતાનો છે એમ સમજીને ફલ આપવામાં વિલંબ કરી પશ્ચાત્તાપ રૂપ શિક્ષા પણ કરત નહિ. માટેજ કહ્યું છે કે न चान्यथा આ વિષયમાં કાંઇ પણ વિરૂદ્ધ વિચાર કરવા જેવું નથી. (૬)

" राजा मित्रं केन दृष्टं श्रुतं वा " (રાજા મિત્ર હોય એમ કોઈએ જોયુંછે, કે સાંભળ્યું છે ?) (અર્થાત્ કોઇએ પણ જોયું તથા સંભળ્યું પણ નથી.) આ એક લૌકિક રાજાના દૃષ્ટાન્ત પ્રમાણે ફલ મેળવવામાં થયેલા વિલંબથી પશ્ચાત્તાપ કરીને પણ શ્રીપ્રભુ (આપણની) સંભાળજ ન લે " એમ અંતઃકરણને શંકા થાય ત્યાં બાધક કહે છે કે

मूलम्–लौकिक प्रभुवत्कृष्णो न द्रष्टव्यः कथञ्चन॥
सर्वं समर्पितं भक्त्या कृतार्थोऽसि सुखी भव॥७॥

पदानि–लौकिक, प्रभुवत्, कृष्णः, न, द्रष्टव्यः, कथञ्चन, सर्वम्, समर्पितम्, भक्त्या, कृतार्थः, असि, सुखी, भव.।

अन्वयः–लौकिक प्रभुवत् कृष्णः कथञ्चन न द्रष्टव्यः सर्वम् भक्त्या समर्पितम् (अतः) कृतार्थः असि सुखी भव।

અર્થ–લૌકિક પ્રભુ (રાજા વિગેરે)ની પેઠે શ્રીકૃષ્ણભગવાન્ કોઇપણ વખતે જાણુવા યોગ્ય નથી. (यतः) બધું ભક્તિવડે કરીને અર્પણ કર્યું છે. (માટે) ભાગ્યશાલી છો અને સુખી થા,

વિવરણ–પ્રભુ થયેલા પ્રાકૃત જીવોની પેઠે શ્રીકૃષ્ણભગવાન છે એમ સમજવું નહિ, ત્યાં હેતુ કહે છે. કારણ કે શ્રીકૃષ્ણ ભગવાન્ ફલરૂપ છે અને પ્રભુ છે, રાજા બનેલા લૌકિક જીવો પ્રાકૃત છે એટલે તેઓ જે (આપણુને) અંગીકાર કરે છે તે અનિત્ય છે. માટે તેઓ અંગીકૃત જીવની પણ સંભાળ ન લે એમ સંભવે છે. ચાલતા વિષયમાં તો શ્રીપ્રભુ અલૌકિક છે; એટલે તેઓશ્રી જે અંગીકાર કરે છે તે નિત્ય છે માટે તેઓશ્રી અંગીકૃતની સંભાળ ન લે એમ સંભવતું નથી એમ જણાવવા માટે કહ્યું છે કે न द्रष्टव्यः कथंचन એટલે ભૂત ભવિષ્ય અને વર્તમાન કાલમાં પણ શ્રીકૃષ્ણભગવાન્‌ને રાજા થયેલા પ્રાકૃત જીવોની પેઠે ગણુવા નહિ.

“ જો કે શ્રીપ્રભુ (આપણુની) ઉપેક્ષા નહિ કરશે તોપણ અપરાધ થઇ ગયેલો હોવાથી ફરીને તેવી અનિર્વચનીય કૃપા નાહ કરશે ” એમ મનને જ્યાં સંદેહ થાય ત્યાં તેની નિવૃત્તિ માટે કહે છે કે सर्वं समर्पितम् તારાપર પહેલાં કૃપા હતીજ કારણુ કે તેં સર્વ વસ્તુ શ્રીપ્રભુને અર્પણ કરેલ છે, અને જે વસ્તુ અર્પણ કરેલી છે તે પણ ભક્તિમાર્ગને અનુસારેજ અર્પણ

કરી છે. પણ અર્પણ કરવું એ પણ વિહિત છે; માટે અમે તેવી રીતે અર્પણ કરી દેવું એવા અભિપ્રાયથી કોઈપણ વસ્તુ અર્પણ કરવામાં આવી નથી. માટે તે ફલરૂપ ભક્તિમાર્ગની રીતિથી સર્વ અર્પણ કરેલ હોવાથી તારો અંગીકાર કર્યો છે તેથી તું કૃતાર્થ છે. વચમાં શ્રીભગવાન્‌ની કૃપાના માનને લીધે દેહ અને દેશ ત્યાગ કરવાની શ્રીપ્રભુની બન્ને આજ્ઞા પ્રમાણે નહિ વર્તવાના અપરાધથી થયેલા ફલના વિલંબને લીધે અતિ કલેશને તું પામેલછે. માટે શ્રીભાગવતના વિવરણની સમાપ્તિ થયા પહેલાં ત્યાં નહિ જવાનો આગ્રહ છોડી દઈ તથા શ્રીપ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તી ફરીને આગળની પેઠે સુખી થા. એટલે જેમ પહેલાં સુખ હતું તેવાં સુખને પ્રાપ્ત થા. (૭)

અંગીકાર નિત્ય છે એટલે શ્રીપ્રભુ (આપણને) ફલ માર્ગનું સુખ દેશે તોપણ પહેલાંની પેઠે સર્વ પ્રકારે દેશે કે નહિ? એમ સંદેહથી ઉત્પન્ન થયેલા કલેશને હવે નીચલા શ્લોકથી આપવામાં આવનાર દૃષ્ટાન્તથી દૂર કરે છે.

मूलम्--प्रौढाऽपि दुहिता यद्वत् स्नेहान्न प्रेष्यते वरे ॥
तथा देहे न कर्तव्यं वरस्तुष्यति नान्यथा ॥८॥

पदानि–प्रौढा, अपि, दुहिता, यद्वत्, स्नेहात्, न, प्रेष्यते, वरे, तथा, देहे, न, कर्तव्यम्, वरः, तुष्यति, न, अन्यथा. ।

अन्वयः–प्रौढा अपि दुहिता स्नेहात् यद्वत् वरे न प्रेष्यते तथा देहे न कर्तव्यम् वरः तुष्यति अन्यथा न तुष्यति ।

અર્થ—જુવાન પણ (પોતાની) પુત્રી સ્નેહથી વર પાસે મોકલવામાં આવતી નથી તેમ દેહના સંબંધમાં કરવું નહિ (અને એમ નહિ કરવાથીજ) વર એટલે પતિ તથા શ્રીપ્રભુ પ્રસન્ન થાય છે (પણ) બીજા પ્રકારે પ્રસન્ન થતા નથી.

વિવરણ–જો શ્રીપ્રભુને તારી અપેક્ષા ન હોય તો તો

તેઓશ્રી તને ફલ આપવામાં વધઘટ કરે પણ જેને જેની અપેક્ષા આવશ્યક છે તે (પોતે) સામાના દોષપર નજર નહિ રાખીને ફલ આપેજ છે. પહેલાં કહેવામાં આવેલાં દૃષ્ટાન્તનું વિવરણ કરે છે કે જેમ પ્રૌઢા એટલે પતિને ભોગવવા યોગ્ય થયેલી પોતાની દીકરીને તેમનો પિતા તેમાં સ્નેહના વધારાને લીધે તેણીનો વર ભોકતા છતાં તેમના ભોગની આવશ્યક સ્થિતિના સમયમાં પણ ન મોકલે તો વર પોતાની ઇચ્છાની અપૂર્ણતાને લીધે સંતોષ પામતો નથી. અને જો પોતાની પુત્રીને વર પાસે મોકલે તો તે વર સંતોષ પામે છે.

"પ્રૌઢાઽપિ" આંહીનાં અપિ શબ્દથી એમ સમજવું કે, જો કે વરને કન્યાનું પાણિ–ગ્રહણ થયું છે ત્યારથીજ તેને તેણીમાં ભોગની ઇચ્છા છેજ, તો પણ તેણી પોતાના પતિના મર્દનને સહન કરી શકે એમ નહિ હોવાથી તેણીનો બાપ પોતાની કન્યાને વરની પાસે મોકલવામાં જો વિલંબ કરે તો વર એટલા વિલંબને તો સહન કરે, પણ પોતાની વહુ પોતાના મર્દનને સહન કરી શકે એવી અવસ્થામાં આવી હોય છતાં તેણીને પોતાની પાસે મોકલવામાં તેણીનો પિતા જો વિલંબ કરે તો તો તેમાં વર અસંતુષ્ટજ રહે છે. તેવી રીતે શ્રીપ્રભુને સર્વ પ્રકારે પોતાની અપેક્ષા પડતાં અને શ્રીપ્રભુને પોતાની અપેક્ષા પડી છે એમ જાણતાં છતાં પણ જો તેમની ઇચ્છા પ્રમાણે કાર્ય કરવામાં ન આવે તો પ્રભુ અસંતુષ્ટજ રહે છે, માટે શ્રીપ્રભુની પાસે જવામાં જે કાંઇ વખત લગાડવામાં આવે તે વખત શ્રીપ્રભુની ઇચ્છા પ્રમાણે નહિ ચાલવાનું કારણ છે માટે જો ત્યાં જવામાં વખત લગાડવામાં નહિ આવે તો પૂર્વની પેઠેજ સર્વ પ્રકારે પોતાની ઇચ્છા પ્રમાણે ચાલનારને શ્રીપ્રભુ ફલ દેશેજ. તેથી આ વિષયમાં વિલંબનો ત્યાગ કરવોજ જોઇએ માટે કહ્યું છે કે "તથા દેહે ન કર્त्तव्यमिति" દેહત્યાગના વિષયમાં સર્વ પ્રકારે વિલંબ લગાડવામાં આવે તો તે વિલંબ શ્રીપ્રભુના

સંતોષનું કારણ નથી, માટે વિલંબ નહિ કરવો જોઇએ. જેમ દીકરી મોકલવામાં જે કાંઇ વિલંબ થાય છે, તેમાં સ્નેહ હેતુ છે. તેના નિરાકરણપૂર્વક કન્યાને જો મોકલવામાં આવે તો વરને સંતોષ થાય છે અને કન્યાને પણ સંતોષ થાય છે. એ પ્રમાણે વર તથા કન્યા એ બન્નેના કાર્યની સિદ્ધિ થઇ; તેમ આંહીઆં પણ શ્રીભાગવતના વિવરણની સમાપ્તિ કર્યા પછીજ ત્યાં જવાના આગ્રહના કારણોનો ત્યાગ કરીને જો શ્રીપ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવામાં આવે તો પોતાની તથા પ્રભુની કાર્યસિદ્ધિ થાય છે માટે સર્વ પ્રકારે શ્રીપ્રભુને સંતોષ આપવા માટે દેહત્યાગના વિલંબનાં કારણો ત્યાગ કરવાંજ જોઇએ (૮)

"જો કે શ્રીપ્રભુની પાસે શ્રીભાગવતનું વિવરણ સમાપ્ત થયા પછીજ જવું એવો હઠ કરવો એ યોગ્ય નથી તો પણ શ્રીપ્રભુએ પોતે અભિપ્રેત શ્રીભગવાનના અર્થને પ્રકટ કરવાથી લોકમાં પણ વાહવાહ થાય એ પર નજર રાખી કોઇ વખતે કાંઇક ત્યાં જવા માટે વિલંબ કરવાની ઇચ્છા થાય એ પણ સંભવે છે" એવી અંતઃકરણને શંકા થાય ત્યાં કહે છે કે એવી વિલંબ કરવાની ઇચ્છા (આપણને) ફલ મેળવવામાં વિલંબનું કારણ થઇ પડે છે માટે એવી ઇચ્છા નહિ કરવી જોઇએ. એમ નીચલા શ્લોકથી જણાવે છે.

मूलम्-लोकवच्चेत् स्थितिर्मे स्यात् किं स्यादिति विचारय।।
अशक्ये हरिरेवास्ति मोहं मा गाः कथञ्चन ।।९।।

पदानि-लोकवत्, चेत्, स्थितिः, मे, स्यात्, किं, स्यात्? इति, विचारय, अशक्ये, हरिः, एव, अस्ति, मोहम्, मा, गाः, कथञ्चन.

अन्वय-चेत् मे स्थितिः लोकवत् स्यात् [तर्हि] किं स्यात् ? इति विचारय अशक्ये हरिः एव अस्ति [अतः] कथञ्चन मोहम् मा गाः

અર્થઃ—જો મારી સ્થિતિ લોકની પેઠે થાય (તો) શું થાય ? એ વિચાર કર; અશક્ય વસ્તુમાં હરિજ છે માટે કોઈ રીતે મોહને પામ માં.

વિવરણ—શ્રીભગવાનના અભિપ્રાય પ્રમાણે શ્રીભાગવતનો અર્થ પ્રકટ કરવાથી જૈમિનિ અને વ્યાસાદિકની માફક વેદથી અવિરૂદ્ધ અલૌકિક શાસ્ત્રાર્થ પ્રકટ કરવાથી લોકમાંજ ઉત્કર્ષ સિદ્ધ થાય, પરંતુ અલૌકિક પોતાના સિદ્ધાન્તના ફલનો અનુભવ કરવાના કારણ રૂપ ઉત્કર્ષ સિદ્ધ થાય નહિ. એટલે શ્રી પ્રભુની સમીપમાં રહીને જે આનંદનો અનુભવ કરવાનો છે તે શ્રી પ્રભુની આજ્ઞા પોતાની સમીપમાં આવવાની છે તે આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી શ્રી પ્રભુની પાસે જવાય નહિ એટલે તે આનંદ પ્રાપ્ત થાય નહિ. તેથી જૈમિનિ અને વ્યાસાદિકની જેમ મોટાઈ પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા કરવાથી લોકમાં કહેવાય છે, તેમ સમગ્ર શ્રીમદ્‌ભાગવતનો અલૌકિક અર્થ લોકમાં પ્રકટ કરવાથી લૌકિક મોટાઈ સિદ્ધ થશે. પરન્તુ તૈત્તરીય શ્રુતિમાં લખ્યા પ્રમાણે શ્રી પ્રભુની સાથે સર્વકામાશન રૂપ સ્વમાર્ગીય ફલ થશે નહિ. માટે લૌકિક મોટાઈ સિદ્ધ થાય તેમાં સ્વમાર્ગીય અલૌકિક ફલમાં વિલંબ થાય તો અલૌકિક ફલને ભોગવનાર જે હું છું તેને લૌકિકમાં મોટાઈ કહેવાયાથી શું ફલ ? (અર્થાત્ કાંઈ ફલ નથી) જ્યારે સ્વમાર્ગીય ફલનો વિચાર કરીએ ત્યારે આ ફલની દૃષ્ટિ આગળ મુક્તિ વિગેરેનું ફલ પણ નિષ્ફળ છે, તો પછી લોકમાં જે મોટાઈ કહેવાય તેની તો ફલમાં ગણના કરવી એ પણ દૂર રહે છે. એમ જણાવવા સારૂ મૂલમાં "किं स्यात्" એમ લખ્યું છે એટલે આ ફલના તારતમ્યનો વિચાર કરવાથી (ચિત્તને સમજાવે છે કે) તારે પણ સર્વ પ્રકારે સ્વમાર્ગીય ફલ મળવામાં વિલંબ ન થાય એજ વિચારવાનું છે. એમ જણાવવા સારૂ મૂલમાં "विचारय" એ પદ મૂક્યું છે. જો કે ફલ મળવામાં વિલંબ ન થાય એજ વિચારવાનું છે તો પણ બલાત્કારથી શરીરનો ત્યાગ કરીએ ત્યારે શ્રી

પ્રભુ પાસે જવાથી ફળ પ્રાપ્ત થાય, પરંતુ બલાત્કારથી શરીરનો ત્યાગ કરવો એ પોતાથી અશક્ય છે એવો સંદેહ થાય તેને નિવૃત્ત કરવા સારૂ તેનો પ્રકાર કહે છે કે, જો કે પોતાને બલાત્કારથી શરીરનો ત્યાગ કરવો પડે એ અશકય છે, તો પણ આંહી તો શ્રીભગવાન્‌ની ઈચ્છાથી શરીરનો ત્યાગ કરવાનો છે, એટલે તેમાં પોતાને અશકયપણું નથી. કેમકે અશક્યપણાથી જે કાંઇ દુઃખ પ્રાપ્ત થાય તેને હરનાર શ્રીહરિ સર્વ પુરૂષાર્થ સિદ્ધ કરવા તત્પર છે. આંહી હરિ પદ કહેવાથી દેહનો ત્યાગ કરવો તે પણ સ્વમાર્ગીય ફલ મળવામાં અંતરાયરૂપ જે દુઃખ છે તેને દૂર કરનાર હરિ હોવાથી લોકમાં જે બાબત અશક્ય હોય તે પણ વગર મહેનતે શ્રીહરિ સિદ્ધ કરે છે. માટે ફલનો વિલંબ ન થવા માટે આપણે દેહનો ત્યાગ કેમ કરવો ? એમ મોહને પામ માં. તે પણ **कथञ्चन** એટલે કોઇ પણ પ્રકારથી અર્થાત્ પ્રથમ શ્રી પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે તે શ્રી પ્રભુનો અપરાધ થયો છે તે અપરાધને લીધે ફલ મળવામાં વિલંબ થશે તે બાબતમાં કે આજ્ઞાનું ઉલ્લંઘન કરવા પહેલાં ફલના અનુભવમાં કે આજ્ઞા પ્રમાણે કરવા પછી પૂર્વની માફક ફલનો અનુભવ થઇ શકશે કે નહિ ! તેનો તારતમ્યનો વિચાર કરવામાં એવી રીતે સર્વ પ્રકારે ચિત્તમાં વ્યગ્રતા રાખવી નહિ એમ બતાવવા માટે મૂલમાં **कथञ्चन** કહ્યું છે. ॥ ૯ ॥

હવે પછી કહેલા વિષયનો ઉપસંહાર કરે છે. એ પ્રમાણે અંતઃકરણને સમજાવી સર્વ પ્રકારે વ્યગ્રતાની નિવૃત્તિ થઇ એમ જણાવવા માટે કહે છે કે—

मूलम्--इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितं वचः ॥
चित्तं प्रति यदाकर्ण्य भक्तो निश्चिन्ततां व्रजेत्॥१०

पदानि—इति, श्रीकृष्णदासस्य, वल्लभस्य, हितं, वचः, चित्तं, प्रति, यत्, आकर्ण्य, भक्तः, निश्चिन्ततां, व्रजेत्.।

अन्वयः इति श्रीकृष्णदासस्य वल्लभस्य चितं प्रति यत् हितं वचः (अस्ति) तत्) आकर्ण्य भक्तः निश्चिन्ततां व्रजेत् ।

અર્થ—એ પ્રમાણે શ્રીકૃષ્ણુના દાસ શ્રીવલ્લભાચાર્યનું ચિત્ત પ્રત્યે જે હિતકારી વચન છે (તે) સાંભળીને ભક્ત નિશ્ચિન્ત પણાને પામે.

વિવરણુ—**इति** શબ્દ સમાપ્તિમાં છે. **श्रीकृष्णदासस्य** આંહીના શ્રીકૃષ્ણુ શબ્દથી સાક્ષાત્ શ્રીકૃષ્ણુ ભગવાન્ પોતે ભક્ત સહિત લીલાના રસથી યુક્ત છે એમ જણાવ્યું છે. અને પોતે તેઓશ્રીના દાસ છે એમ જણાવી શુદ્ધ પુષ્ટિમાર્ગના ફલરૂપ દાસપણાની પ્રાપ્તિથી આંહી પણ **वल्लभस्य** એટલે અત્યંત પ્રિય એટલે જે અત્યંત પ્રિય હોય તેવાનું પોતાના ચિત્ત પ્રત્યે જે હિતકાર વચન હોય, આંહીઆં हितम् એ શબ્દ ગ્રહણ કરીને શ્રીવલ્લભાચાર્યજીનું વચન આપ્ત વાકય છે માટે ખરેખરી રીતે પ્રમાણભૂત છે એમ નિશ્ચય કરીને ચિત્તને સર્વ પ્રકારે શ્રીમહા· પ્રભુજીના વચનમાં અવિશ્વાસ નથી એમ સિદ્ધ થયું છે. એમ જણાવવા માટે "**चित्तंप्रति**" એમ કહ્યું છે એ પ્રમાણે ચિત્તને સમજાવી પોતાનું ચિત્ત શુદ્ધ પુષ્ટિમાર્ગીય પરમ ફલના અનુ· ભવને યોગ્ય છે એમ સંશયરહિત પ્રતિપાદન કરી આ ગ્રન્થના શ્રવણુથી પોતાના માર્ગના ભકતોને પણ પોતપોતાના અધિકાર પ્રમાણે ભક્તિમાગનું ફલ સિદ્ધ થાય છે એમ જણાવવા માટે કહે છે કે "**यदाकर्ण्येति**" જે વચનને **आकर्ण्य** એટલે આ (ચોતરફ) સાંભળીને જો કે "**श्रुत्वा**" (સાંભળીને) એટલાથીજ શ્રવણુ સિદ્ધ થાય છે તો પણ આ (ચોતરફ) એમ લખી આ નું શ્રવણુ કાંઇક અભિપ્રાય વાળું છે એમ જણાવ્યું છે, અભિપ્રાય સહિત શ્રવણુ કરવાનું ફલ કહે છે કે ભક્ત થાય એટલે તે શ્રીભગવાનમાં અતિ સ્નેહવાળો થાય, ત્યાર પછી શ્રીઆચાર્યચરણુમાં ફલમાં વિલંબ થવાના કારણુને દૂર કરવાનું સામર્થ્ય છે એમ જાણીને પોતાને પણ ફલના વિલંબ થવાના

કારણુની ચિન્તાને દૂર કરશે, એટલે તે ચિન્તાનો પરિત્યાગ કરી નિશ્ચિન્તપણાને પ્રાપ્ત થશે. ॥ ૧૦ ॥

હવે ટીકાની સમાપ્તિમાં ટીકાકાર શ્રીગોકુલનાથજી નીચે પ્રમાણે શ્લોકો લખે છે.

चित्त प्रबोधनाचार्य वचांसि विवृतानि वै ॥
तेना चार्याः प्रसीदन्तु स्वीये मपि सदा स्वतः ॥ १ ॥
इति श्रीपितृपादाब्ज परागधनिना मया ॥
श्रीवल्लभेन रचिता विवृतिः पूर्णतामगात् ॥ २ ॥
अर्पिता श्रीमदाचार्य पदाब्जेषु मया स्वतः ॥
तेनैव कृतकृत्योऽस्मि इति मे निश्चिता मतिः ॥ ३ ॥

અર્થ—ચિત્તને સમજાવવા માટેના શ્રીઆચાર્યજીના વચનો મેં સ્પુટ કર્યાં છે, માટે હું જે તેમનો પોતાનો છું તેના પર નિત્ય પોતાની મેળે શ્રીઆચાર્યચરણો પ્રસન્ન થાઓ. (૧)

એ પ્રમાણે અમારા પિતૃ ચરણકમલના પરાગથી ધનવાળા થઈને શ્રીવલ્લભાચાર્યના નામ વાળા (શ્રીગોકુલનાથજીએ) મેં કરેલું વિવરણ સમાપ્તિને પામ્યું છે. (૨)

આ વિવરણ શ્રીઆચાર્યજીની ચરણ કમલમાં મેં મારી મેળે અર્પણ કર્યું છે. તેથીજ હું કૃતકૃત્ય છું એમ મારી નિશ્ચય પામેલી બુદ્ધિ છે (૩).

એ પ્રમાણે અંતઃકરણપ્રબોધની શ્રીગોકુલનાથજી કૃત ટીકાનું ગુજરાતી ભાષાન્તર સંપૂર્ણ થયું.

સમાપ્ત

श्री शारदामठ धर्मप्रकरणान्याय नीहारभास्कर.

શારદાપીઠના શંકરાચાર્યે શ્રીમન્માધવતીર્થે "કલ્પિતમાર્ગ કંટકદ્રુમ દાવાનલ" એ નામની ચોપડીમાં કરેલા પુષ્ટિમાર્ગ ઉપરના આક્ષેપોનું સશાસ્ત્ર ખંડન અને તેમણે કરેલા સ્વમાર્ગીય સશાસ્ત્ર વચનોના અન્યથા અર્થોનું યથાર્થ સ્પષ્ટીકરણ. પોરબંદરસ્થ શાસ્ત્રી છગનલાલ અમરજી વિરચિત ડેમી આઠપેજ પચાસ રતલી કાગળ ઉપર લગભગ ૪૮ ફરમા જેટલો ગ્રંથ ન્યોછાવર રૂ. ૧-૪-૦.

ત્રિભોવનદાસ પીતાંબરદાસ શાહ.

શ્રી પુષ્ટીમાર્ગીય પુસ્તકાલયના મંત્રી—**નડીઆદ.**

શ્રી વલ્લભીય ગ્રંથ પ્રકાશક ફંડને તા. ૩૦-૩-૧૨ સુધી ગ્રાહકતરીકે તથા મદદતરીકે આશ્રય આપનાર વૈષ્ણવોનાં નામ.

૪ રા. કેશવલાલ મહાસુખરામ સાબરમતી ૪ દરબારશ્રી કરણુસિંહજી લખતર

૪ .ા સાંકળચંદ ભોગીલાલ વિરપુર ૨ બાઇ રૂકિમણી અમદાવાદ

૪ રા. અરજણ કાનજીવીરાણી મોટીવાવડી ૪ રા. મગનલાલ ભુખણુદાસ નવસારી

૪ રા. છબીલદાસ તારાચંદ સલાડ ૮ જતનલાલ વેણીરામ પેટલાદ

૪ રા. નારાયણ દયાળદાસ મુબઇ ૧૧ શેઠ ગીરધરલાલ વીઠલદાસ

૫ રા. રા. મગનલાલ જયચંદ વકીલ કપડવણજ મેસાણા